શેરબજારમાં આતંકવાદી નાણાં અંગે ચિંતા વ્યક્ત કરતા શિંદે

નવી દિલ્હી,તા. ૬

બનાવટી કંપનીઓ મારફતે શેરબજારમાં આતંકવાદીઓ મોટાપ્રમાણમાં નાણાં રોકી રહ્યા હોવાની કબૂલાત આજે કેન્દ્રિય ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદેએ કરી હતી. શેરબજારમાં આતંકવાદી નાણાં અંગે ચિંતા વ્યક્ત કરતા શિંદેએ કહ્યુ હતુ કે આ નેટવર્ક ઉપર અંકુશ મુકવામાં ઓ તે અતિ જરૂરી છે. આને રોકવા માટે આંતરરાષ્ટ્રીય સહકારની માંગણી શિંદે દ્વારા કરવામાં આવી હતી. ઈન્ટરપોલ જનરલ એસેમ્બલીને સંબોધતા શિંદેએ કહ્યુ હતુ કે આતંકવાદી ફંડીંગને લઈને ઘણુ ધ્યાન આપવાની જરૂર છે. વિશ્વસનીય ઈન્ટેલીજન્સ અહેવાલમાં જાણવા મળ્યુ છે કે આતંકવાદી સંગઠનો બનાવટી કંપનીઓ ઉભી કરીને શેરબજારમાં નાણાં રોકી રહ્યા છે. બનાવટી કારોબાર પણ સ્થાપવામાં આવ્યા છે. લોન્ડરીંગની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે. શિંદેએ કહ્યુ હતુ કે આવા ફાઈનાન્સના સોર્સને શોધી કાઢવાની બાબત ખૂબજ પડકારરૂપ છે. મોડસઓપરેન્ડી જાણવામાં આવે તે પણ ખુબ જરૂરી છે. આ તમામ પડકારોને પહોંચી વળવા માટે પગલા પણ લેવામાં આવી રહ્યા છે. શિંદેની

આ વાતથી ખળભળાટ મચી ગયો છે. અગાઉ પણ આતંકવાદીઓ શેરબજારમાં નાણાં રોકી રહ્યા હોવાના અહેવાલ આવ્યા હતા. પરંતુ આ વખતે કેન્દ્રિય ગૃહપ્રધાન દ્વારા આ મુજબની વાત કરવામાં આવતા વધુ ચિંતા દેખાઈ રહી છે. શિંદેએ કહ્યુ હતુ કે ઈન્ટરપોલની ભૂમિકા આમા મહત્વપૂર્ણ રહેશે. ભારતે એક એવી વ્યવસ્થા અપનાવી છે જેના ભાગરૂપે આતંકવાદ વિરોધી ગતિવિધી પર અંકુશ મુકવામાં આવશે. આમા વાતચીતને પણ પ્રાથમિકતા આપવામાં આવી છે. લોકશાહી રાજકીય પ્રક્રિયા અને નિયમ મુજબ ચર્ચા આગળ વધશે. તેના માળખાની હદમાં રહીને આતંકવાદ સામે લડત ચલાવવામાં આવશે. શિંદેએ કહ્યુ હતુ કે ૨૬/૧૧ બાદ અતિ આધુનિક આતંકવાદીઓના ખતરાને પહોંચી વળવા તૈયારીના સ્તરમાં પણ વધારો કરી દીધો છે. બીજી રીતે અમે આતંકવાદી હુમલાઓ અથવા તો આતંકવાદી ખતરાનો જવાબ આપવા ક્ષમતા અને ઝડપ વધારી દીધી છે. શિંદેનું કહેવું છે કે આંતરરાષ્ટ્રીય સમુદાય સમક્ષ ભારતે સતત સ્પષ્ટ વલણ રજુ કર્યુ છે. કોઈ પણ આધાર પર આતંકવાદને યોગ્ય ઠેરવી શકાય નહીં. આતંકવાદ સામેની લડાઈ ખૂબ લાંબી છે.

ચીનની ચીજવસ્તુઓની માંગ ૪૫ ટકા વધી ગઈ

મુંબઈ,તા. ૬

દિવાળી નજીક છે ત્યારે ચીની ચીજવસ્તુઓ માટેની માંગમાં ૪૫ ટકા સુધીનો ઉલ્લેખનિય વધારો થઈ ગયો છે. ચીની મેન્યુફેક્ચર્સ દ્વારા જંગી નાણાં એકત્રિત કરવામાં આવી રહ્યા છે. એસોચેમ-સોશ્યલ ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે દિવાળી માટે ચીની પ્રોડક્ટની માંગમાં આ વર્ષે ૪૫ ટકા સુધીનો વધારો છે. સર્વે દર્શાવે છે કે ફેન્સી લાઈટ, લેમ્પસેડ, ગણેશ, લક્ષ્મીની મૂર્તિઓની માંગ તથા રંગોળીથી લઈને ફટાકડા અને અન્ય ચીજવસ્તુઓની માંગમાં ૪૫ ટકા સુધીનો વધારો થયો છે. એસોચેમ સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે ચીની ચીજવસ્તુઓની માંગમાં વધારો થવા માટે અન્ય કેટલાક કારણો પણ જવાબદાર છે. તેના સેક્રેટરી જનરલ બીએસ રાવતે કહ્યુ છે કે સ્થાનિક કારોબારીઓ તીવ્ર સ્પર્ધાનો સામનો કરી રહ્યા છે. ચીની પ્રોડક્ટ અને ભારતીયોની પ્રોડક્ટ વચ્ચે ખેંચતાણ થઈ રહી છે. ૭૮ ટકા કન્ઝ્યુમરોનું કહેવું છે કે ચીની લાઈટ ૫૦ ટકા વધુ સસ્તી છે. ભારતીય લાઈટની સરખામણીમાં તેમાં વેરાઈટી પણ વધારે છે. દિવાળીના બજેટમાં તેમાં ૩૫ ટકાની બચત પણ થઈ રહી છે. કારોબારીઓ પૈકીના ૭૨ ટકાનું કહેવું છે કે ચોક્કસ દિવડા માટેની માંગ આ વર્ષે ઘટી છે કારણ કે ફેન્સી અને ડિઝાઈનર દિવડાઓ ખરીદારોને વધુ આકર્ષિત કરી રહ્યા છે. ૮૨ ટકા લોકોનું કહેવુ છે કે ચીની ફટાકડાઓ વધુ કલરફુલ અને વધુ અવાજ કરે તેવા છે.

અમેરિકામાં કુલ ૩.૦૫ કરોડ મતદાર મતદાન કરી ચૂક્યા છે

ન્યુયોર્ક, તા.૬

આગામી ચાર વર્ષ સુધી અમેરિકાના પ્રમુખ તરીકે કોણ રહેશે તે અંગે નિર્ણય કરવા માટે આજે સવારે અમેરિકામાં મતદાન મથકો ખુલી ચૂક્યા છે પરંતુ અમેરિકામાં મતદાન શરૂ થાય તે પહેલાં જ આશરે ૩.૦૫ કરોડ મતદારો પહેલાંથી જ તેમના મતાધિકારનો ઉપયોગ કરી ચૂક્યા છે. ૨૦૧૨માં અંદાજિત ૨૧૯ મિલિયન મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા લાયકાત ધરાવે છે. અમેરિકામાં ચૂંટણી દ્વારા ઉપલબ્ધ કરવામાં આવેલા આંકડા મુજબ ૩૦.૫ મિલિયન મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરી ચૂક્યા છે. વહેલી તકે મતદાનની જોગવાઈનો ઉપયોગ કરીને આ લોકો તેમના મતાધિકારનો ઉપયોગ કરી ચૂક્યા છે. પ્રમુખ બરાક ઓબામા પણ પ્રથમ મહિલા મિશેલ ઓબામા સાથે મળીને વહેલી તકે મતદાનની જોગવાઈનો ઉપયોગ કરી તેમના મતાધિકારનો ઉપયોગ કરી ચૂક્યા છે. ઓબામા વ્હાઈટ હાઉસમાં સત્તા જાળવી રાખવા મક્કમ બનેલા છે. ફ્લોરિડા, ઓહિયો સહિતના ઘણા રાજ્યોમાં લાંબી લાઈનો જોવા મળી હતી. અહીં લોકોને તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે કલાકો સુધી રાહ જોવી પડી હતી. ગઈકાલે છેલ્લી ઘડીએ મતદારો દ્વારા જોરદાર ઉત્સાહ જોવા મળ્યો હતો જેથી એમ માનવામાં આવે છે કે આંકડો આ વખતે ૨૦૦૮માં ચૂંટણીમાં નોંધાયેલા ૪.૧ કરોડના આંકડાને પાર કરી જશે. જ્યોર્જ મેસન યુનિવર્સિટીમાં પ્રોફેસર માઈકલ ડોનાલ્ડનું કહેવું છે કે આ વર્ષે કુલ મતદાર પૈકી ૩૫ ટકા મતદારો વહેલી તકે મતદારની જોગવાઈનો ઉપયોગ કરી ચૂક્યા છે. ફ્લોરિડા જેવા કેટલાક રાજ્યોમાં અડધાથી વધુ મતદારો મતાધિકારનો ઉપયોગ કરી ચૂક્યા છે. વહેલી તકે મતદાનનો મતલબ એ છે કે ચૂંટણીના દિવસ પહેલાં મતદાન થાય છે. આ મત મેઈલ દ્વારા અથવા તો વ્યક્તિગત રીતે કરવામાં આવે છે. કોઈપણ અમેરિકી નાગરિક જે ૧૮ વર્ષથી ઉપર છે તે અમેરિકાની સામાન્ય ચૂંટણીમાં મતદાન કરી શકે છે. પરંતુ જેલમાં રહેલા અને પેરોલ પર છૂટેલા લોકોને મતદાન કરવાનો અધિકાર નથી.

વર્ષ ૨૦૧૨માં આશરે ૨.૧૯ કરોડ લોકો મતદાન કરવાની લાયકાત ધરાવે છે. ૨૦૦૮માં ૨૧.૩૩ કરોડ લોકો મતદાન કરવા લાયકાત ધરાવતા હતા અને ૬૨.૨ ટકા લોકો એટલે કે ૧૩.૨૬ કરોડ લોકોએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો જ્યારે એ વખતે ૩૧ લાખ લોકોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો ન હતા. રવિવાર સુધી ફ્લોરિડામાં ૩.૦૫ કરોડ મતદાન કરી ચૂક્યા છે.

કોંગ્રેસની માન્યતા રદ્દ કરવા માંગ કરતી અરજી ફગાવાઈ

નવી દિલ્હી,તા. ૬

જનતાપાર્ટીના પ્રમુખ સુબ્રમણ્યમ સ્વામીને આજે મોટો ફટકો પડ્યો હતો. કારણ કે ચૂંટણીપંચે રાષ્ટ્રીય પાર્ટી તરીકે કોંગ્રેસની માન્યતા રદ્દ કરવાની માંગ કરતી તેમની અરજીને ફગાવી દીધી હતી. એક કંપનીને ૯૦ કરોડ રૂપિયાની લોન આપીને કાયદાઓનો ભંગ કરવા બદલ રાષ્ટ્રીય પાર્ટી તરીકે કોંગ્રેસની માન્યતા રદ્દ કરવાની સુબ્રમણ્યમ સ્વામીએ માંગણી કરી હતી. ઈલેક્ટોરેલ કાયદાઓનો તથા ઈન્કમટેક્સ કાયદાઓનો ભંગ કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ સ્વામી દ્વારા કરવામાં આવ્યો હતો. પંચ સમક્ષ પોતાની અરજીમાં સુબ્રમણ્યમ સ્વામીએ જોરદાર આક્ષેપો કર્યા હતા.

સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી ઉપર એસોશિએટેડ જર્નલને લઈ લેવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યુ હતુ કે એસોશિએટેડ જર્નલે એઆઈસીસી પાસેથી ૯૦ કરોડ રૂપિયાની લોન મેળવી હતી જે ઈન્કમટેક્સ એક્ટ હેઠળ ગેરકાયદે હતી. કોંગ્રેસના આ વરિષ્ઠ નેતા અને પ્રવક્તા જનાર્દન દ્વિવેદી દ્વારા બીજી નવેમ્બરની તારીખે લેખિતમાં જણાવવામાં આવ્યું હતુ કે કોંગ્રેસે કંપનીને ૯૦ કરોડ રૂપિયાની લોન આપી છે. આ લોન ચોક્કસ ધારાધોરણોનો ખુલ્લો ભંગ છે.

બીજીબાજુ કોંગ્રેસે આ સમગ્ર મામલે સાવધાનીપૂર્વકનું વલણ અપનાવ્યુ હતુ અને કહ્યુ હતુ કે બિનજરૂરી રીતે રાજકીય વિવાદ ઉભો કરવામાં આવી રહ્યો છે. અખબારને ટેકો આપવા લોન આપવાના મામલે કોઈ પણ મંચ ઉપર પડકારનો સામનો કરવા તૈયાર હોવાની વાત કોંગ્રેસે કરી હતી.

આઈએએફ દુર્ઘટનામાં તપાસ ઝડપી બનાવાઈ

સરંક્ષણ પ્રધાન એ કે એન્ટોનીએ તાજેતરમાં જ થયેલી આઈએએફ દુર્ઘટનાઓમાં અતિ ઝડપથી તપાસ પરિપૂર્ણ કરવા ઈન્ડિયન એરફોર્સને અપીલ કરી છે. દુર્ઘટનાઓ પાછળના કારણને વધુ સારી રીતે સમજવાના હેતુસર આ આદેશ આપવામાં આવ્યો છે. એન્ટોનીના આ સૂચનો સરંક્ષણ મંત્રાલયની સલાહકાર સમીતિની બેઠક દરમિયાન આવ્યા હતા. એન્ટોનીએ દુર્ઘટનાઓમાં પેન્ડીંગ રહેલી તપાસ વહેલી તકે પૂરી કરવા સૂચના આપી છે. યોગ્ય રીતે ઝડપી કાર્યવાહી કરવા માટે પણ કહેવામાં આવ્યું છે. હવાઈદળના અધિકારી ડીસી કુમારિયાએ કહ્યું છે કે કમીતિના સભ્યોને વિવિધ પગલાં લેવા માટે પણ કહેવામાં આવ્યું છે.

એન્જિયોપ્લાસ્ટી બાદ ઉદ્ધવ ઠાકરેને હોસ્પિટલમાંથી રજા

મુંબઈ,તા. ૬

શિવસેનાના કારોબારી પ્રમુખ ઉદ્ધવ ઠાકરેને આજે લીલાવતી હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી હતી. રવિવારના દિવસે બીજી એન્જિયોપ્લાસ્ટી કરાવ્યા બાદ ઉદ્ધવ ઠાકરેને હવે હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરી દેવામાં આવ્યા છે. ૫૨ વર્ષીય ઉદ્ધવઠાકરેએ ૨૦મી જુલાઈના દિવસે આજ હોસ્પિટલમાં પ્રથમ એન્જિયોપ્લાસ્ટી કરાવી હતી. તેમની ધમનીમાં રહેલા તમામ ત્રણ બ્લોકેજ સફળરીતે દૂર કરી દેવામાં આવી ચૂક્યા છે. આશરે ત્રણ કલાક સુધી સર્જરી ચાલી હતી. બીજી સર્જરી વધુ સરળ રહી હતી. આ સારવારની પ્રક્રિયા ૪૫ મિનિટ સુધી ચાલી હતી. છાંતીમાં દુખાવાની ફરિયાદ કરવામાં આવ્યા બાદ એન્જિયોપ્લાસ્ટીની સલાહ આપવામાં આવી હતી. પ્રથમ પ્રક્રિયા બાદ તબિબોને ઘણીબધી ધમનીઓમાં બ્લોકેજની સ્થિતિ જોવા મળી હતી અને બીજી સારવાર કરાવવાની સલાહ આપવામાં આવી હતી. હવે ત્રીજી એન્જિયોપ્લાસ્ટીની પ્રક્રિયા ત્રણ મહિના બાદ હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે. ગાયિકા લતા મંગેશકર અને શિવસેનાના નેતા મનોહર જોષી હોસ્પિટલમાં મળવા માટે પહોંચ્યા હતા. લતા મંગેશકર ઉત્તરપશ્ચિમ મુંબઈમાં બાળઠાકરેને મળવા માટે પણ પહોંચ્યા હતા. છેલ્લા ઘણા મહિનાથી બાલ ઠાકરેની તબિયત પણ સારી નથી. ઉદ્ધવની તબિયત પરિવાર માટે અને શિવસેના માટે ચિંતાજનક છે. ઉદ્ધવ ઠાકરે હાલમાં શિવસેનાની જવાબદારી સંભાળી રહ્યા છે.

ઓર્ડર ઓફ ઓસ્ટ્રેલિયાથી સચિન તેન્ડુલકર સન્માનિત

મુંબઈ, તા. ૬

ક્રિકેટ લિજેન્ડ સચિન તેંડૂલકરને ઓસ્ટ્રેલિયાના સર્વોચ્ચ નાગરિક સન્માન ઓર્ડર ઓફ ઓસ્ટ્રેલિયનથી સન્માનિત કરવામાં આવ્યો હતો. ઓસ્ટ્રેલિયાના કલા અને સાંસ્કૃતિક મંત્રી સાઈમન ટ્રીનના હસ્તે મુંબઈમાં આયોજિત કાર્યક્રમમાં સચિનનું સન્માન કરવામાં આવ્યું છે. આ સન્માન ઓર્ડર ઓફ ઓસ્ટ્રેલિયાના છ ગ્રેડમાંથી એક છે. આ સાથે જ માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડૂલકરના નામ પર વધુ એક સિદ્ધ જોડાઈ ગઈ છે. ગત મહિને ભારતની મુલાકાતે આવેલા ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન જુલીયા ગિલાર્ડ સચિનને ઓર્ડર ઓફ ઓસ્ટ્રેલિયાના સભ્યપદથી સન્માનીત કરવાની જાહેરાત કરી હતી. ઓસ્ટ્રેલિયન



નાગરિક સિવાય અન્ય કોઈને ભાગ્યે જ આ સન્માન અપાય છે.

આ સન્માન મેળવનાર સચિન માત્ર બીજો ભારતીય છે. આ પૂર્વે એટર્ની જનરલ સોલી સોરાબજીને પણ ઓર્ડર ઓફ ઓસ્ટ્રેલિયાથી સન્માનિત કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૬માં ઓસ્ટ્રેલિયા-ભારત વચ્ચે દ્વિપક્ષીય કાનૂની સંબંધો માટે સોરાબજીને ઓર્ડર ઓફ ઓસ્ટ્રેલિયાના માનદ સભ્ય બનાવવામાં આવ્યા હતા. ભારત પ્રવાસે આવેલ ઓસ્ટ્રેલિયન વડાપ્રધાન જુલીયા ગિલાર્ડે કહ્યું હતું કે, ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે સંબંધો મજબૂત બનાવવામાં ક્રિકેટની મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે. બંને દેશોના લોકો ક્રિકેટના દિવાના છે. મને ખુશી છે કે સચિનને અમે ઓર્ડર ઓફ ઓસ્ટ્રેલિયાથી સન્માનિત કરી રહ્યા છે. આ એક ખાસ સન્માન છે. આ સન્માન એવા વ્યક્તિને ઘણું ઓછું અપાય છે. જે ઓસ્ટ્રેલિયન નાગરિક ન હોય.

લાઈસન્સ સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા બાદ કિંગફિશર એરલાઈન્સની હાલત કફોડી

નવી દિલ્હી,તા. ૬

લાઈસન્સ સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા બાદ કિંગફિશર એરલાઈન્સની હાલત કફોડી બનેલી છે. કિંગફિશર એરલાઈન્સના લાઈસન્સને રિન્યુ કરવામાં આવે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. હવે એવું જાણવા મળી રહ્યું છે કે જો સસ્પેન્સનને જારી રાખવામાં આવશે તો કિંગફિશર એરલાઈન્સનું લાઈન્સ ૩૧મી ડિસેમ્બરના દિવસે રદ્દ થઈ જશે. ઉચ્ચસ્તરીય સરકારી સૂત્રોએ કહ્યું છે કે કિંગફિશર એરલાઈન્સનું લાઈસન્સ ૩૧મી ડિસેમ્બરે રદ્દ થઈ રહ્યું છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન દ્વારા જ્યાં સુધી સસ્પેન્સનને દૂર કરવામાં આવશે નહીં ત્યાં સુધી કિંગફિશરની હાલત કફોડી રહી શકે છે. કિંગફિશરની હાલત ચિંતાનજક બનેલી છે. નાણાંકીય કટોકટીા કારણે કિંગફિશરને પોતાની સેવા બંધ રાખવાની ફરજ પડી છે. કિંગફિશરના વડા વિજય માલ્યાએ હાલમાં જ ટોચના સરકારી અધિકારીઓ સાથે વાતચીત કરી હતી. એરલાઈન્સના અધિકારીઓ હાલ કોઈ વાતચીતના મૂડમાં દેખાઈ રહ્યા નથી. કિંગફિશર એરલાઈન્સના વડા વિજય માલ્યા કિંગફિશર એરલાઈન્સને પુન સજીવન કરવાના પ્રયાસમાં લાગેલા છે. ફંડ એકત્રિત કરવાની ઝુંબેશ પણ ચાલી રહી છે. રિન્યુઅલ મેળવવા માટે સસ્પેન્સનને ઉઠાવી લેવા ડીજીસીએને મનાવવાના પ્રયાસ ચાલી રહ્યા છે. ઘણી એરલાઈન્સો હાલમાં બંધ પણ થઈ ચૂકી છે જેમાં પેરામાઉન્ટ અને એમડીએમઆરનો સમાવેશ થાય છે. તેમના લાઈસન્સ સસ્પેન્ડ થઈ ગયા બાદ ઓપરેશન પુન શરૂ કરવામાં આ લોકોને સફળતા મળી નથી. કિંગફિશરને લઈને પણ હવે ચિંતાનું મોજું ફળી વળ્યું છે.

Hello ફ્રેન્ડ્સ ! (પાના નં. ૪ નું ચાલુ)

JEE ની પરીક્ષા સહેલી હશે કે અઘરી? **JEE** એટલે આ સંયુક્ત પ્રવેશ પરીશ્રા રાષ્ટ્ર કક્ષાએ લેવાશે, એટલે આ કાંઇ ગુજરાત રાજ્ય પુરતી મર્યાદીત નહીં રહે એટલે આ પરીક્ષામાં ગુજરાતી વિદ્યાર્થીઓ ટકી શકશે? આવો પ્રશ્ન ઉદ્‌ભવાનો સ્વાભાવિક છે. આવી મોટાં લેવલની પરીક્ષામાં અચાનક તૈયારી કરવાથી સફળતા મળતી નથી. એ માટે છેક પ્રાથમિક લેવલથી વિદ્યાર્થીઓએ તૈયારી કરવી પડે છે. અને એ માટે પ્રાથમિક શિક્ષણપ્રથા સુધારવાની જરૂર છે. આપણે ત્યાં શહેરોને બાદ કરતાં શિક્ષણનું સ્તર વખાણવાં લાયક નથી. પ્રવેશોત્સવમાં બાળકોને ગોતી કાઢી શાળામાં બેસાડી દેવાય છે, એટલે સંખ્યાને મહત્ત્વ છે પણ એનાં શિક્ષણનાં સ્તરનું શું??

ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો એટલે કે જી.ઇ.આર. વધારવા માટે પ્રાધાન્ય અપાય છે, એટલે વર્ગોમાં વિદ્યાર્થી - વિદ્યાર્થીનીઓની સંખ્યા વધી જાય છે. આ ખુબ સારી વાત છે, પણ શિક્ષકોનો ભણાવવાનો દરજ્જો અને વિદ્યાર્થીઓની ગુણવત્તા વધે એવું કંઇ થતું નથી... અનેક છોકરા છોકરીઓને આપણે શું ભણીએ છીએ એની કાંઇ ગતાગમ જ હોતી નથી અને ચોંકી જવાય એવી વાત એ છે કે પોતાનું નામ નંબર લખી શકે એટલો જ અભ્યાસ સુધી સિમિત રહેતા વિદ્યાર્થીઓની ફોજ આવનારાં વર્ષોમાં ૧૦-૧૨માં આવવાની છે. હવે જો આવી ફોજનો પાયો જ કાચો હશે તો **JEE** જેવી પરીક્ષામાં જ ફુગ્ગો ફુટી જશે, ત્યાં તેઓ શું ગુણવત્તા બતાવી શકશે??

આ આટલી બધી ચંચુપાત કરી મગજ બગાડવા પાછળનું કારણ એટલું જ કે આ વર્ષે આ પરીક્ષા લેવાશે એટલે આ વર્ષે જ તૈયારીઓ લાગવાથી આપણી ટકાવારી વધશે નહીં, એ માટે ખુબ પહેલાથી તૈયારી કરવી પડશે. તો જ આ પરીક્ષાના પરિણામ થકી શ્રેષ્ઠ કૉલેજમાં એડમિશન મેળવી શકીશું. એટલે **JEE** પરીક્ષા સહેલી છે અઘરી પણ, નિયમિત મહેનત અને વિષયનાં ફંડામેન્ટલ્સ ક્લિયર હશે તો બહુ મોટો વાંધો નહીં અને ખાનગી એન્જીનીયરીંગ કૉલેજ પ્રવેશનું શું થશે? ગુજરાતમાં આજે ખાનગી કૉલેજો કીડીનાં રાફડાની જેમ ફાટી નીકળી છે. દર વર્ષે છાપામાં અમુક - તમુક હજાર સીટો ખાલી પડ્યાનાં આંકડા ચમકે છે. બારમામાં ૪૦ % ગુણ મેળવનારાને પણ એન્જિનીયરીંગમાં પ્રવેશ મળે છે. મારાં દીકારને ઓછા ટકા આવે તોય એન્જિનીયરર બનાવવો, બી.એ. કરીને શું કાદાં કાઢશે, અને એ માટે વાલીઓ વિદ્યાર્થીની પાત્રતા જોયા વગર જ પૈસા ઊભા કરે છે, અને ડૉનેશન ભરી એન્જિનીયરીંગમાં બાળકને ધકેલી રાહતનો દમ લે છે!!

અંગ્રેજી મિડીયમ સારૂં કે ગુજરાતી? મિડીયમની માથાકૂટ હંમેશાં થતી જ રહે છે. અંગ્રેજી વાળા ફાવી જશે અને ગુજરાતી વાળા રખડી પડશે એવો ભ્રમ મગજમાંથી કાઢી નાખો. મિડીયમનો આ **JEE** પરીક્ષા સાથે કોઇ સંબંધ નથી. આ પરીક્ષા એટલે આઇ.ક્યુ, એનાલીસીસ, પ્રૉબ્લેમ સોલ્વીંગ એલીબીટી વગેરે પર આધાર રાખે છે, એટલે આ પ્રશ્નો સમજવાં સહેલા હોય છે અને છતાંય સરકારે આનું ધ્યાન રાખી ગુજરાતી, હિન્દી, અંગ્રેજી એમ ત્રણેય માધ્યમમાં પરીક્ષા લેવાનું વિચારેલું જ છે!!

આ **JEE** ની તૈયારી કઇ રીતે કરવી? એક રાતના સિકંદર થઇ આવી પરીક્ષા સારાં માર્કે પાસ ના કરી શખાય. વિષયનું પૂરતું જ્ઞાન, સમજણ અને ફોકસ રાખવું પડશે. તમારે શા માટે એન્જિનીયર થવું છે? એનો જવાબ તૈયાર હશે તો આ પરીક્ષાની તૈયારી સહેલી પડશે, તૈયારી પુરી નહીં કરો, વિષયથી ભટકી જશો તો ભલતી - ફાલતી કૉલેજમાં જવું પડશે. ગુજરાત સેન્ટ્રલ બોર્ડની ટેક્સ બુકને પ્રાધાન્ય આપો. ૬૦-૬૫ ટકા પ્રશ્નો એમાંથી જ કે એના બેઝ પર આધારિત હોય છે... હવે તમારી હરિફાઇ રાષ્ટ્રના ચૅમ્પિયનો વચ્ચે છે એટલે ફૅસબુક, ચેટીંગ, સિનેમા અને ટી.વી.ને સંપૂર્ણ બંધ કરી માત્ર આ પરીક્ષા ફૉક્સ કરવી પડશે, બારમાંના ૫૦ ટકા ગણાવાનાં છે, એટલે એમાંય જોર મારવું પડશે બાકી તમે આઉટ ઑફ ફૉક્સ થઇ શકો છો!!

વિદ્યાર્થીઓ ખાસ ધ્યાન રાખે જ્યાં ને ત્યાં કલાસીસ લગાડવાથી કાંઇ વળવાનું નથી, મુખ્ય એટલે કલાસ લગાડીને તમે શું શિખવાના છો એનો વિચાર કરીને જ કલાસીસનું પગથિયું ચઢજો. પોતે જાતે તૈયારી કરી નહીં કે ઉપરછલ્લી જ તૈયારી કરી તો આવી પરીક્ષામાં ટકી નહીં શકાય. જેમણે નિયમિત અને વિષયવાર તૈયારી કરી એ તરી જશે બાકીનાં ડુબી જશે... અને જો તમારે ડુબવું ના હોય અને સારી કૉલેજમાં પ્રવેશ મેળવી શ્રેષ્ઠ એન્જીનીયર બનવાનું સ્વપ્ન હોય તો **JEE** અને ૧૨ ધોરણ માટે સિર્યસ થવું જરૂરી છે!!

આ પરીક્ષાથી કંઇ એન્જીનીયરીંગમાં પ્રવેશ મળશે? દરેક સરકારી, કેન્દ્ર સરકારી, ગ્રાન્ડેટ, આઇ.આઇ.ટી., એન.આઇ.ટી, આઇ.આઇ. આઇ. ટી. માં મેરીટ પ્રમાણે પ્રવેશપાત્ર ઠરાશે...

JEE એટલે શું? એન્જીનીયરીંગ માટે રાષ્ટ્રીય સ્તરે થનારી સંયુકત પરીક્ષા - અર્થાત જોઇન્ટ એન્ટ્રન્સ એકઝામ. જૂની **IIJEE, AIEEE** ની પરીક્ષાને બદલે લેવાનારી પરીક્ષા.

બારમાંના ટકાનું શું? ધોરણ-૧૨ નાં ૫૦% અને આ **JEE** નાં ૫૦% ગુણ ભેગા કરી ગુણાંકન નિશ્ચિત થશે.

IIT માં પ્રવેશ મેળવવાં બે **JEE** થશે? બારમાની પરીક્ષા, બાદમાં **JEE** અને **IIT** માટે એક એડવાન્સ **JEE** પરીક્ષા લેવાશે. એ પરીક્ષા **IIT** જોઇન્ટ એડમિશન બોર્ડ લેશે. **JEE** માટે અલગ યાદી બનશે અને રાજ્યની અલગ...

કોચિંગ કલાસીસના ધીખતાં ધંધા પર આની આડ અસર થશે અને લાખોની ફી ઉઘરાવતાં કલાસીસ વાળા એક જ પરીક્ષાની આપોઆપ કંટ્રોલમાં આવશે. વાલીઓનો આર્થિક બોજ અને વિદ્યાર્થીઓની માનસિકિ તાણ આનાથી ઘટી એન્જીનીયરીંગનો દરજ્જો વધશે.

ચૂંટલો :

અલગ અલગ પરીક્ષા માટે ફંગોળાતા રહેલાં વિદ્યાર્થીઓ અને લૂંટાતા રહેલા વાલીઓ માટે **JEE** રામબાણ સાબિત થશે, શર્ત માટે એટલી જ કે હવે વિદ્યાર્થીઓ ચોટલી બાંધી ભણવું પડશે અને નહી તો ગમે તેવી કૉલેજમાં કરિઅરનું ઘડતર કરવું પડશે.

નવાં કલેવર (પાના નં. ૪ નું ચાલુ)

આટલીવાર સુધી વાતો થઇ છતાં તેમણે મારૂં નામ પૂછ્યું નહોતું.

'તમને મળીને આનંદ થયો.' મિસ્ટર પાલે કહ્યું અને તે ચાલ્યા ગયા.

હું તેમને જતા જોઇ રહ્યો. સીત્તેરથી વધુ ઉંમર હોવા છતાં તેમની ચાલમાં સ્ફૂર્તિ હતી.

●●●

ઘણા સમય બાદ એક દિવસ હું મિસ્ટર પાલનાં ઘેર જઇ ચડ્યો. તેને ઘર નહીં બંગલો જ કહેવો પડે. દરવાજો ખોલતાં જ વિશાળ લોન અને બગીચો હતો. બાજુમાં પાર્કિંગમાં બે કારો પડી હતી. તેમાં એક વિદેશી કાર હતી.

મિસ્ટર પાલ ડ્રોઇંગરૂમમાં સૂટ-બુટ પહેરીને બેઠેલા હતા. પહેલી નજરે હું તેમને ઓળખી ન શક્યો. તે દિવસે સભામાં તેમની સાથે મુલાકાત થઇ ત્યારે એ ઝભ્ભા લેંઘામાં હતા. જો કે દેશમાં ગરીબીના વિષય અંગે સભા હોઇ તેમાં સાદા પોશાકમાં જવું જ ઉચિત લાગે.

મેં નમસ્કાર કરતાં તેમણે પૂછ્યું. 'મિસ્ટર પાલ તમે મને ઓળખ્યો?'

'કેમ નહીં, તું નરેશ ખરૂં ને, તે દિવસ સભામાં મળેલ તે.' એ બોલ્યા.

'જી.' મેં કહ્યું, 'પણ હું નરેશ નહીં સુરેશ છું.'

એ તો બધું એક જ 'તેમને હસતાં હસતયાં કહ્યું.'

તેમનાં બંગલામાં ચહલપહલ જણાતી હતી. લોકો આવ-જા કરતા હતા. છતાં એ મારી સાથે વાતો કરતા હતા. મને સારૂં લાગ્યું. મેં કહ્યું. 'મિસ્ટર પાલ તે દિવસે મિટીંગમાં તમારી સાથે સંક્ષિપ્ત મુલાકાત થઇ. પણ એ નાનકડી મુલાકાતમાં તમે મને મોહિત કરી દીધો. તમારી પાસે જ્ઞાનનો ભંડાર છે. ગરીબો અને ગરીબી અંગે તમારી પાસે જે જ્ઞાન હતું તેના દસ ટકા તે દિવસના વક્તાઓ પાસે નહોતું.'

તે સ્હેજ હસ્યા પછી બોલ્યા. 'તે દિવસની મિટીંગ પછી હું ગરીબી બાબતે સતત વિચારતો રહ્યો છું. મને એમ લાગે છે કે આ દેશને એક વધુ ગાંધીની જરૂર છે.'

એટલું કહેતાં તેમણે બાજુમાં ટેબલ ઉપર પડેલી પ્લેટમાંથી કાજુ લઇ મોંમાં નાંખ્યાં અને પ્લેટ મારી સામે ધરી.

'મિસ્ટર પાલ, તમારી વાત તો બિલકુલ સાચી છે પણ આજકાલ આ ઉદારીકરણની આંધીમાં ગાંધી...'

મિસ્ટર પાલે મને અટકાવતાં કહ્યું. 'આને તમે ઉદારીકરણ નહીં ઉધારીકરણ કહો. વર્લ્ડ બેંક પાસેથી ઉધાર લઇ લઇને ગુજરાણ ચાલે છે, અને વર્લ્ડ બેંક જે શરતો એ ઉધાર આપે છે. તે ઉદારીકરણને નામે ઉધારીકરણ તરફ દોરી જાય છે. શું સમજ્યા?'

હું ચૂપ રહ્યો.

'હું એમનેમ આ નથી કહેતો મેં ગરીબી પર બહુ રિસર્ચ કર્યું છે.' તે બોલ્યા.

હું ચકિત ભાવ સાથે મિસ્ટર પાલ સામે જોઇ રહ્યો.

'મોકો મળશે તો કયારેક એ મુદ્દે વાત કરીશું. આજ તો જરા વ્યસ્ત છું. કારણ કે મારી દીકરી અમેરિકા જઇ રહી છે. ઓહાયો યુનિવર્સિટી એ તેને ફેલૉશિપ આપી છે. તેનાં રિસર્ચનો વિષય પણ ભારતની ગરીબી છે. ત્યાં રિસર્ચ કરી, ને ભારત પરત ફરવા માંગે છે પણ અમે તો તેને સલાહ આપી છે કે ત્યાં જ નોકરી શોધી લેજે. મારાં પત્ની તો હવે રહ્યાં નથી અને દીકરો અમેરિકામાં છે. ઓહાયો યુનિવર્સિટીમાં ભણાવે છે. તેણે જ દીકરી ને ફેલોશિપ અપાવી છે. ઘરનો કોઇ એક મેમ્બર અમેરિકા જતો રહે પછી બાકીના ને જવામાં મુશ્કેલી પડતી નથી. અમેરિકા જવાનો કોઇને કોઇ રસ્તો મળી આવે છે.'

'એવું?' મેં કહ્યું.

'હાં, મિસ્ટર પાલ બોલ્યા.' જુઓન મારા દીકરાએ તેની બહેનને અમેરિકા બોલાવવાનો રસ્તો શોધી કાઢ્યો. હવે કદાચ એ ઓહાયોમાં રિચર્સ કરીને પાછી પણ આવતી રહે તો પણ તેને કોઇ મોટું કામ મળી જ જવાનું, એટલે કે પ્લાનિંગ કમિશનના મેમ્બર અથવા એડવાઇઝરી જેવી નોકરી.

'જી' મેં કહ્યું.

'સારૂં તો ફરી મળીશું' મિસ્ટર પાલે ઊભાં થતાં કહ્યું, 'દીકરીને એરપોર્ટ મુકવા જવું છે. તેને વિદાય આપવા સગાંસંબંધીઓ આવ્યાં છે. મોકો મળે તો ફરી કયારેક આવજે.'

હું ઊભો થયો.

'આવજો' એ બોલ્યા.

'જરૂર...' મેં કહ્યું અને તેમનાં બંગલાની બહાર નીકળી ગયો.

●●●

જો કે મિસ્ટર પાલને કહેલું કે હું તેમના બંગલે મળવા આવીશ પણ તે પછી હું તેમનાં બંગલે મળવા ન ગયો. કારણ કે, મને ફરી તેમને મળવાની ઇચ્છા જ ન થઇ. એ દરમિયાન ઘણી ગોષ્ઠિઓ, સભાઓ અને સંમેલનોનાં આમંત્રણ આવતાં. હું ઘણી ગોષ્ઠિઓ અને સભાઓમાં, સંમેલનોમાં પણ ગયો. મને એમ હતું કે કયાંક ને કયાંક તો મિસ્ટર પાલ ભટકાઇ જશે. પણ કયાંક તેમની મુલાકાત થઇ નહીં.

હું ધીરે ધીરે એમને ભૂલવા લાગ્યો. પણ એ વચ્ચે એક દિવસ ભેટો થઇ ગયો. અને કદાચ આ મારી તેમની સાથે છેલ્લી મુલાકાત હતી. મને પુરેપુરો વિશ્વાસ છે કે હવે ફરી કયારેય મુલાકાત નહીં થાય.

હું નેપાળથી આવતાં એક મિત્રને લેવા એરપોર્ટ પર ગયો હતો. અચાનક મિસ્ટર પાલ દેખાયા. તે સૂટ-બુટમાં સજ્જ સામાન સાથે ટિપટોપ.

'અરે! આપ' મેં તેમને જોતાં જ કહ્યું.

તે ચકિત ભાવે મને જોવાં લાગ્યા. મને લાગ્યું કે એમને ઓળખ્યા નથી.

'મિસ્ટર પાલ તમે મને ન ઓળખ્યો?'

તે જરા મલક્યા.

આપણી મુલાકાત 'દેશમાં ગરીબીની સમસ્યા' એ વિષયનાં સંમેલનમાં થઇ હતી. તે પછી હું આપનાં બંગલે આવ્યો હતો. આપે મને કહ્યું હતું કે આ દેશને એક વધુ ગાંધીની જરૂર છે. તે દિવસે આપની દીકરી અમેરિકા જઇ રહી હતી. ઓહાયો યુનિવર્સિટીએ તેને ફેલોશિપ આપેલી. હું એક સાથે બધું બોલી ગયો.

'આઇ સી!' તે બહું ઠડાં સ્વરે બોલ્યા. 'હાં યાદ આવ્યું પરેશ તમે મારે ઘેર આવેલાં.'

'જી, પણ મારૂં નામ પરેશ નહીં સુરેશ છે.' મેં કહ્યું.

'એ તો બધું એક જ' તે જરા હસીને બોલ્યા. હવે મને જ જુઓને, મારૂં નામ હરીશપાલ છે. પણ અમેરિકામાં લોકો મને હરીશ પૉલ કહેવા લાગશે.

'તો શું તમે અમેરિકા જઇ રહ્યાં છો?'

'હાં, મિસ્ટર પાલે કહ્યું, 'મેં મારી બધી મિલ્કત વેચી દીધી છે. હું મારા દીકરા દીકરી પાસે જાઉં છું. આ દેશનું કંઇ થઇ શકે તેમ નથી. ગરીબીરેખા નીચે રહેતાં લોકોની સંખ્યા સતત વધતી જાય છે. તાજાં આંકડાઓ અનુસાર હવે તે સંખ્યા કુલ જનસંખ્યાનાં ચાલીસ ટકા થઇ ગઇ છે. એ લોકો દેશ માટે મોટા ખતરારૂપ છે. ભયંકર ખતરો છે. તેમનાં જ કારણે દેશમાં ગુન્હાખોરી વધી રહી છે. હત્યા અને લૂંટફાટની ઘટનાઓમાં વધારો થઇ રહ્યો છે. તેથી મેં નક્કી કર્યું છે કે અહીં રહેવું નક્કામું છે. તમને ચાન્સ મળે તો તમે પણ આ દેશને છોડીને નીકળી જજો.'

એટલું કહીને મિસ્ટર પૉલ આગળ વધી ગયા.

હું તેમને જતા જોઇ રહ્યો હતો. ત્યારે મારા મનમાં વિચાર આવ્યો કે અમેરિકા પહોંચીને મિસ્ટર પાલ ધીરે ધીરે હેરિસ પૉલ થઇ જશે. અને એવું પણ બને કે તમને ભારતની ગરીબીના વિષય નિષ્ણાત સમજવામાં આવે. અને તેમનો દીકરો અને દીકરી યુનિવર્સિટીઓમાં આ વિષય અંગે તેમનાં વ્યાખ્યાનો યોજવા લાગે.

- vanvihari@gmail.com